C.C. 18458.21

## આંક–૧ ની ફરીયાદ લગત હુકમ

અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કેસ હાલનાં આરોપી સામે ઇન્ડીયન પીનલ કોડની કલમ: ૩૭૯ મુજબ ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપી સામે કેસ દાખલ થતા સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતા હોવાનુ જણાવેલ છે કે, ભવિષ્યમાં આવો કોઇ ગુનો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યકિત છે અને સદરહુ ગુન્હો અજ્ઞાનતા અને શરતચુકથી થયેલ છે. પોતાને અગાઉ કોઇ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઇ ગુનો કરેલ નથી. પોતાના ઉપર કુટુંબની જવાબદારી છે. ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે તથા ભયની લાગણી અનુભવે છે. પોતાને ભુલ સમજાઇ ગઇ છે. ભવિષ્યમાં આવી ભુલ નહી કરે અને કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ છે કે, આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઇ સજા કે દંડ નહી કરતા સુધારવા તક આપવામાં આવે.

આરોપીની રજુ આત સાંભળી કેસ હકીકત ધ્યાને લીધી.આરોપીએ ચાર્જશીટ મુજબની જે જોગવાઇઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી. તેમજ આ કામના આરોપીએ સદરહુ ગુન્હો અજ્ઞાનતા અને શરતચુકથી થયેલ હોવાનુ તેમજ પોતાના ઉપર કુટુંબની જવાબદારી હોવાનુ જણાવેલ છે, આ ઉપરાંત રુપીયા ૨,૦૦૦/– ની મુદ્દામાલના ચોરીના કિસ્સામા નામ. ગુજરાત સરકાર નુ જાહેરનામુ તથા કેસના સંજોગો અને આરોપીની સામાજીક તથા આર્થિક સ્થિતી વિગેરે ધ્યાનમાં રાખી, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે .

### // હુકમ //

આ કામનાં આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ ગુન્હો સ્વેચ્છાએ કોઇપણ જાતનાં દબાણ કે લાલચ વગર કબુલ કરેલ છે. આરોપીની સ્વૈચ્છીક કબુલાત સ્વીકારી તેને ઇ.પી.કોડ કલમ–૩૭૯ નાં ગુન્હાનાં ભંગ બદલ સદર અધિનિયમની કલમ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા માટે સી.આર.પી.સી.ની કલમ–૨૪૧ મુજબ તકસીરવાર ઠરાવી દરેક ગુન્હા સબબ કુલે રૂા. **૨૦૦/–અંકે રૂપિયા બસ્સો પુરા** નો દંડ ન ભરે તો દિવસ–૦૫ ની સાદીકેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૪ /૦૯/૨૦૨૪

(ડી. એચ. ખંભાતી)
એડી.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રે ટ,
કોર્ટ નં.૬,અમદાવાદ.
જી.જે.૦૦૮૬૬